# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 29-10-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૅ કરશો.

.....................................

(ગોન્ગ)

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CABINET MEET

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રીમંડળની બેઠક યોજાઇ. તેમાં રાજ્યના વરિષ્ઠ મંત્રીઓએ કમોસમી વરસાદની સ્થિતિ અંગેનો અહેવાલ રજૂ કર્યો . બેઠકમાં ખેડૂતોને થયેલા નુકસાનના વળતર અંગે પણ ચર્ચા થઈ. આ ઉપરાંત 31 ઓક્ટોબર કેવડીયા એકતાનગર ખાતે રાષ્ટ્રી ય એકતા દિવસની ઉજવણીના આયોજન અંગે પણ ચર્ચા કરવામાં આવી.

આ બેઠકમાં મંત્રીઓને ખાતાઓની ફાળવણી કર્યા બાદ વિભાગોમાં મંત્રીની કામગીરી અને આગામી 100 દિવસના કાર્યસૂચિ સંદર્ભે પણ મંત્રીઓએ મુખ્યમંત્રીને અહેવાલ સોંપ્યો.

. . .

# MARITIME MOU

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં ગુજરાત સમુદ્રી બોર્ડ સાથે ગુજરાત પીપાવાવ બંદર લિમિટેડ દ્વારા 17 હજાર કરોડ રૂપિયાના મૂડી રોકાણ માટેના સમજૂતી કરાર- MoU સંપન્ન થયા. આ પ્રોજેક્ટથી ભવિષ્યમાં પ્રત્યક્ષ અને પરોક્ષ મળીને 25 હજાર જેટલી નવી રોજગારીની તકનું સર્જેન થશે. આ પ્રસંગે શ્રી પટેલે કહ્યું, આ MoUના પરિણામે પીપાવાવ બંદરના વિસ્તરણ અને આધુનિકીકરણ તરફના મહત્વપૂર્ણ પગલાથી દેશના સમુદ્રી પ્રવેશદ્વાર તરીકેની રાજ્યની ઓળખ વધુ સુદ્રઢ થશે. આધુનિક માળખાકીય વિકાસ અને પીપાવાવ બંદરના ક્ષમતા વિસ્તરણથી રાજ્યમાં બંદર વિકાસને નવી દિશા મળશે.

. . . . . . . . . .

# AMBAJI DEVOTEE

શક્તિપીઠ અંબાજી મંદિરમાં , ભક્તોએ કરોડો રૂપિયાના રોકડ અને સોનાનું દાન આપ્યું. અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદાર અને અધિક કલેક્ટર કૌશિક મોદીએ કહ્યું , "દિવાળીની રજાઓ દરમિયાન , 8 લાખથી વધુ ભક્તોએ શક્તિપીઠ અંબાજી મંદિરમાં દર્શન કર્યાં. ટ્રસ્ટને અંદાજે એક કરોડ 25 લાખથી વધુનું રોકડ દાન મળ્યું છે.

(બાઇટ : કૌશિક મોદી, વહીવટદાર)

. . . . . . . . . . . . .

# AMRELI DEADBODY

અમરેલી જિલ્લાના રાજુલાના ધારેશ્વર ગામની ધાતરવડી નદીમાં ન્હાવા ગયેલા ત્રણ સગા ભાઈ સહિત ચાર લોકો ડૂબી ગયા હતા. અમારા પ્રતિનિધિ હરેશ ટાંક જણાવે છે, 15 કલાક બાદ એક યુવકનો મૃતદેહ મળ્યો છે. જ્યારે ગુમ થયેલા ત્રણ લોકોના મૃતદેહની શોધખોળ ચાલી રહી છે. ખાસ કરીને રાજુલા તાલુકામાં નવ ઇંચથી વધુ વરસાદ વરસ્યો છે.

અમરેલીમાં ગત ચાર દિવસથી કમોસમી વરસાદ થઈ રહ્યો છે. ખાસ કરીને રાજુલા તાલુકામાં નવ ઇંચથી વધુ વરસાદ થતાં મોટા ભાગની નદીઓ બે કાંઠે વહેતી થઈ છે. ધાતરવડી નદીમાં પણ પૂર આવ્યું હતું. તે નદીમાં ધસમસતા પ્રવાહમાં આ ચારેય યુવક ડૂબી ગયા હતા.

. . . . . . . . . . . . .

# ST EXTRA BUS

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ – GSRTC દ્વારા દિવાળીના તહેવાર દરમિયાન બસના આઠ હજાર 648 જેટલા વધારાના ફેરાનું આયોજન કરાયું. તે અંતર્ગત ત્રણ લાખ 78 હજારથી વધુ મુસાફરોને તેમના વતન સમયસર અને સલામત રીતે પહોંચાડાયા હતા. સત્તાવાર યાદી મુજબ , સૌથી વધુ નડિઆદ અને સુરત શહેરથી ત્રણ હજાર 151 ફેરા પૂર્ણ કરીને એક લાખ 32 હજારથી વધુ મુસાફરો તેમના વતને પહોંચ્યા હતા.

ઉલ્લેખનીય છે કે , દિવાળીના તહેવાર દરમિયાન S.T. નિગમના તમામ વિભાગ દ્વારા 16થી 20 ઑક્ટોબર દરમિયાન વધારાની બસનું સંચાલન કરાયું હતું.

. . . . . . . . .

# VADNAGAR MUSEUM

દિવાળી પર્વના પાંચ દિવસમાં સાત હજાર 500થી વધુ પ્રવાસીએ મહેસાણાના વડનગરમાં આવેલા સંગ્રહાલયની મુલાકાત લીધી. દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ દરરોજ આ સંગ્રહાલયની મુલાકાતે આવી રહ્યા છે.

. . . . . . .

# RAIL DATA

રાજ્યમાં કમોસમી વરસાદનું જોર ઘટતા આજે સવારે 10 વાગ્યા સુધીમાં 18 તાલુકામાં વરસાદ થયાના અહેવાલ છે. દરમિયાન સૌથી વધુ સવા એક ઇંચ જેટલો વરસાદ બનાસકાંઠાના અમીરગઢ તાલુકામાં નોંધાયો છે.

. . . .

# RAIN

હવામાન વિભાગની અગાહીને પગલે રાજ્યના વિવિધ જિલ્લામાં વરસાદ થઈ રહ્યો છે. ત્યારે ભાવનગરના સિહોરમાં પોણો એક ઈંચ વરસાદ જ્યારે અન્ય તાલુકામાં વરસાદી ઝાપટા વરસ્યા હતા. મહુવામાં વરસાદને લીધે મકાન ધરાશાયી થતા એક વૃદ્ધનું અને સિહોરમાં એક મહિલાનું મોત થયાના અહેવાલ છે.

ભરૂચ જિલ્લાના ૭ તાલુકામાં વરસાદ થયાના અહેવાલ છે. ભરૂચ શહેર અને વાલિયામાં એક-એક ઇંચ કમોસમી વરસાદ થયો છે. જ્યારે વરસાદના કારણે ખેતીના પાકમાં વ્યાપક નુકસાન થયું છે.

. . . . .